**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૦ ટકા

# શાકમાર્કેટમાં પાણી ભરાતા રોગચાળાની દહેશત



## પહેલાં વરસાદમાં જ સે-૨૧ના શાકમાર્કેટમાં ખૂબ ગંદકી : પાણી ભરાતા વેપારીઓ અને ગ્રાહકો પરેશાન

ગાંધીનગર, તા.૨૦
શહેરના મુખ્ય શાકમાર્કેટ ગણાતા સેકટર-૨૧માં વરસાદી પાણી ભરાતા ખૂબ જ ગંદકી ફેલાઈ છે. પ્રથમ વરસાદમાં જ અહીં પાણી ભરાતા વસાહતીઓ અને દુકાનદારો પરેશાન થઈ ચુકયા છે. અહીં ભરાયેલા વરસાદી પાણીનો કોઈ નિકાલ ન થતાં રોગચાળો ફેલાવવાનો ભય છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી માહોલ છવાયો છે. દરરોજ સવાર-સાંજ થોડો ઘણો વરસાદ વરસતો રહે છે. નાનું મોટું ઝાપટું વરસી જ જાય છે. જો કે હજુ ધોધમાર કહી શકાય તેટલો વરસાદ નથી. ચાર-પાંચ દિવસમાં માંડ દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જો કે આટલા વરસાદમાં જ સે-૨૧માં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને સે-૨૧ શાક માર્કેટમાં ઉભા રહેવાય તેવી સ્થિતિ નથી.

સેકટર-૨૧ શાકમાર્કેટમાં દરરોજ હજારો લોકો શાકભાજી, ફ્રુટ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા આવે છે. સ્વાસ્થ્યપ્રદ શાકભાજી અને ફળોની ખરીદી કરવા આવતા વસાહતીઓને અહીં નર્કાગાર જેવી સ્થિતિનો સામનો કરવો પડે છે. સાવ ઓછા વરસાદમાં અહીં પાણી ભરાતા અહીં વેપાર ધંધો કરતા નાના મોટા વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પારાવાર ગંદકીના કારણે કેટલાક વસાહતીઓએ અહીં ખરીદી કરવા આવવાનું ટાળ્યું છે. આટલું મોટું શાકમાર્કેટ હોવા છતાં અહીં વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. ખાસ કરીને શાકમાર્કેટ પાસેના પાર્કિંગ વિસ્તારમાં ખૂબ જ પાણી ભરાય છે. દિવસો સુધી અહીં પાણી ભરાઈ રહેતું હોવાથી મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધ્યો છે. મચ્છર માખીઓનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ભય ફેલાયો છે. શાકમાર્કેટ વિસ્તારમાં ગટરો ઉભરાવવાની સમસ્યા કાયમી છે. સતત અહીં ગટરો ઉભરાય છે. ગટરોનું પાણી વરસાદી પાણીમાં ભળતા દુર્ગંધ પણ ખુબ જ આવે છે.

# પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સ્વયંસેવક દ્વારા ચાતક પક્ષીનું રેસ્ક્યુ

ગાંધીનગર, તા. ૨૦
ચાતક પક્ષી વિશે બધાએ કવિતાઓ અને હિન્દી ફિલ્મોના ગીતોમાં ઘણું સાંભળ્યું છે પરંતુ ખૂબ ઓછા વ્યક્તિઓએ આ પક્ષીને નજરે નિહાળ્યું છે. પ્રકૃતિપ્રેમી શહેર ગાંધીનગરમાં પણ દર વર્ષે ચોમાસામાં આ દુર્લભ ચાતક પક્ષી મહેમાન બને છે તેનાથી સામાન્ય નાગરિકો અજાણ છે. આવા જ એક ગાંધીનગરના વાવોલના મહેમાન બનેલા એક ચાતક પક્ષીને કોઈ કારણોસર ઉડવાની તકલીફ પડી રહી હોવાથી જાગૃત નાગરિકે કરુણા હેલ્પલાઈનની મદદથી સારવાર કરાવી હતી પરંતુ તેને દેખરેખની જરૂર પડતાં છેવટે ગાંધીનગરની યુવા સ્વયંસેવકોની સંસ્થા પ્રકૃતિ સેવા ટ્રસ્ટના વિવેક પરમાર દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

ન્યુ વાવોલના બ્લ્યૂ બેલ્સ એક્સોટિકા સોસાયટી ખાતે એક ચાતક પક્ષી કોઈ કારણો સર ઊડી શકતું ન હતું જે અંગે સ્થાનિક નાગરિક દ્વારા ૧૯૬૨ કરુણા હેલ્પ લાઈન પર કોલ કરીને મદદ માંગવામાં આવી હતી. કરુણા હેલ્પ લાઈનના તબીબે આવીને ચાતકની સારવાર કરી હતી તેમજ આ પક્ષીને વધુ દેખરેખની જરૂર હોવાનું જણાવ્યું હતું. આ બાબતને અનુલક્ષીને રહીશો દ્વારા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટનો સંપર્ક કરવામાં આવ્યો હતો જેના સ્વયંસેવક વિવેક પરમાર દ્વારા સ્થળ પર જઈને જાતકનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ કરાયા બાદ વિવેક પરમારે જરૂરી સારસંભાળ સાથે ચાતક પક્ષીને એક દિવસ માટે દેખરેખ હેઠળ રાખ્યું હતું અને બીજા દિવસે એટલે કે શુક્રવારે સવારે ગીર ફાઉન્ડેશનને હેન્ડઓવર કરીને સોંપી દીધું હતું. હવે આ ચાતકનું સ્વાસ્થ્ય સુધારા પર છે.



### ચાતક પક્ષી આપણું નિયમિત મહેમાન છે

ચાતક પક્ષી મૂળ ભારતનું પક્ષી નથી પરંતુ તે એક યાયાવર પક્ષી છે જેને ગ્રામીણ નાગરિકો દ્વારા મોતીડો તરીકે પણ ઓળખવામાં આવે છે. ચાતક જે દેશમાં ચોમાસું હોય ત્યાં પોતાનો સમય વિતાવે છે એટલે કે ભારતમાં જ્યારે ઉનાળો હોય ત્યારે તે રશિયા, દક્ષિણ આફ્રિકામાં, અને શિયાળો હોય ત્યારે આફ્રિકામાં રહે છે પરંતુ ભારતમાં ચોમાસું આવતાં પહેલાં જ તે અહીં આવી જાય છે. ગ્રામીણોની એવી પણ માન્યતા છે કે ચાતક પક્ષી દેખાય તેના દસથી પંદર દિવસની અંદર વરસાદ અચૂક શરૂ થઈ જાય છે અને આ વાત મહદઅંશે સાચી પણ છે. જોકે ચાતક પક્ષી માત્ર વરસાદનું પાણી પીવે છે કે ઊડતા ઊડતા જ પાણી પીવે છે અને જમીન પર બેસીને પાણી પી શકતું નથી તેવી ગેર માન્યતાઓ પણ પ્રવર્તે છે જે સાચી નથી. ચાતક પણ કોયલની જેમ પોતાના ઈંડા લલેડું તરીકે ઓળખાતા સેવન સિસ્ટર્સ નામના પક્ષીના માળામાં મુકે છે અને તેનો મુખ્ય ખોરાક તીતીઘોડા, ઈયળો અને ફળફળાદી છે.

# આમ આદમી પાર્ટીએ સે-૨૫ ખાતે રક્તદાન શિબિર યોજી




ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરમાં સે-૨૫માં ઓશિયા મોલ પાસે આમ આદમી પાર્ટી દ્વારા થેલેસેમિયા અને કેન્સર જેવી ગંભીર બિમારીથી પિડાતા બાળકોની જરૂરીયાત માટે લોહીના પુરવઠો ઉપલબ્ધ રહે તે હેતુસર સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરમાં કુલ ૨૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

આમ આદમી પાર્ટીના સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન પાર્ટીના ઉમેદવારો રીનાબેન રાવલ, વિજયસિંહ વાઘેલા, કલ્પનાબેન આનંદ, હિતેષભાઈ ચૌધરી વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાર્ટીના ઝોન પ્રભારી શિવ કુમાર, સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, અમદાવાદ આપ શહેર પ્રમુખ જે.જે.મેવાડા, ગાંધીનગર આપ શહેર પ્રમુખ જીતુભાઈ ધરવાડિયા, શહેર સંગઠન મંત્રી વિનોદભાઈ, શહેર મહામંત્રી આશિષભાઈ, શહેર મિડીયા પ્રભારી દિપલકુમાર વોર્ડ પ્રમુખ રણછોડભાઈ, ગોકુલપુરાના અગ્રણી રઘુભાઈ દેસાઈ સહિત અન્ય હોદ્દેદારો તેમજ ગાંધીનગર શહેર આમ આદમી પાર્ટીના ઉમેદવારો અને કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી સેવા આપી હતી.

# સિવિલમાં બાળદર્દીઓને આપવામાં આવતી સારવારના તાલિમ વર્ગો શરુ

ગાંધીનગર, તા.૨૦
કોરોનાની ત્રીજા લ્હેર આવવાની સંભાવના ખુદ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વ્યકત કરવામાં આવી છે. જયારે ત્રીજી લ્હેર વધુ ઘાતક અને આક્રમક હોવાની ચેતવણી પણ આપવામાં આવી છે. ત્યારે બીજી લ્હેરમાં જોવા મળી હતી તે રીતે આરોગ્યલક્ષી સેવાઓની અછત ન વર્તાય તે માટે તંત્ર દ્વારા અગાઉ થી તૈયારીઓ પુરજોશમાં શરુ કરી દીધી છે. નાગરીકોના આરોગ્યની સુખાકારી માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અગાઉથી સુચારૂ આયોજન કરવામાં આવી રહ્યા છે.સંભવિત ત્રીજી લ્હેરમાં બાળકો પણ કોરોનાથી સંક્રમિત થવાની શકયતાઓ છે જેથી રાજય સરકાર દ્વારા ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં પીડીયાટ્રીક વિભાગને વધુ મજબુત બનાવાયો છે. તે ઉપરાંત અન્ય વિભાગના સ્ટાફને પણ બાળદર્દીઓને આપવામાં આવતી સારવારથી માહિતગાર કરીને જરુર પડે તો તેમનો ઉપયોગ કરવામાં આવે તે માટે ખાસ ટ્રેનીંગ સેશન રાખવામાં આવ્યા છે. જેને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખાસ તાલિમ વર્ગો શરુ કરવામાં આવ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં બાળકોને કોરોના થાય તો બાળકોને આપવામાં આવતી સારવાર અંગે હોસ્પિટલના તમામ નર્સિંગ સ્ટાફને ટ્રેનીંગ યોજવામાં આવે છે. જેમાં બાળકોને કોરોના થાય તો લક્ષણો કેવા પ્રકારના હોય છે. ગંભીર પ્રકારના લક્ષણો કયા કહેવાય અને બાળકને સારવાર આપવાની હોય ત્યારે કઈ રીતે આપી શકાય તે બાબતે કોરોનાની ગાઈડ લાઈન પ્રમાણે તાલિમ આપવામાં આવી રહી છે.ખાસ કરીને પોઝીટીવ બાળકની સાર સંભાળ કઈ રીતે લેવી, બાળકની નસ કેવી રીતે પકડવી અને દવાનો ડોઝ કેવી રીતે નક્કી કરવો, સેમ્પલ કલેકશન કંઈ રીતે કરવુ તેમજ તેને કયા પ્રકારનો ખોરાક આપવાથી લઈને ઓકિસજન કેવી કંડીશનમાં કંઈ માત્રામાં આપવો જોઈએ તે સહિતની વિગતવાર માહિતી અને તાલિમ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ અને મેડીકલ ઓફિસરનો આપવામાં આવી રહી છે. તે ઉપરાંત પોઝીટીવ બાળકના વાલીને કેવા પ્રકારની સુચના આપવી અને તેમની સાથે કેવુ વર્તન કરવુ તે અંગે પણ સ્ટાફના માર્ગદર્શન આપવામા આવે છે.

# શહેરના સે-૩ ડી ખાતે યુવકનું શંકાસ્પદ મૃત્યુ પીએમ કરાવી વીસેરા ફોરેન્સિક લેબમાં મોકલાયા

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી ખાતે રહેતા યુવકનું શંકાસ્પદ મૃત્યુ થયુ છે. સેકટર-૭ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતક યુવકના ઘરે જઈને તપાસ કરતા યુવકના બેડરૂમમાંથી દારૂની બોટલ મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૩ ડી પ્લોટ નં.૧૧૭૭ ખાતે રહેતા હેતલકુમાર પટેલ નિવૃત જીવન ગાળી રહ્યા છે. કોરોના કાળમાં હેતલકુમારની પત્નિનું કોરોનાની બિમારીથી અવસાન થયુ હતું. ત્યારબાદ તેઓ તેમના ૨૭ વર્ષિય પુત્ર નરેન સાથે રહેતા હતા. નરેન બીઈ સિવિલ એન્જિનિયર છે પરંતુ તે છેલ્લા કેટલાક સમયથી તે ઘરે જ હતો.૧૮ જુનની રાત્રે નરેન તેના રૂમમાં જઈને સુઈ ગયો હતો. ત્યારબાદ સવારના સમયે નરેન ન ઉઠતા પરિવાર અને આસપાસ રહેતા પાડોશીઓએ ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો.જયા ફરજ પરના તબિબે તેને મૃત જાહેર કર્યો હતો. સિવિલ ખાતે સારવાર માટે નરેનને લાવવામાં આવ્યો હતો તે સમયે તેણે દવા પીધી હોવાનું લખાવવામાં આવ્યું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસને જાણ કરવામાં આવતા પીએસઆઈ જે.ડી.રાઠોડ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. પોલીસ દ્વારા યુવકના મૃત્યુ અંગે તપાસ માટે પોલીસે તેના ઘરમાં તપાસ કરી હતી. જેમાં યુવકના બેડરૂમના ડ્રોઅરમાંથી ૨૫૦ એમએલ ની દારૂની બોટલ મળી આવી હતી. જેને પગલે પોલીસે મૃતક યુવક સામે પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધાયો છે. યુવકના મૃત્યુનું કારણ જાણવા માટે પોલીસે તેનું પીએમ કરાવીને વીસેરા લઈને ફોરેન્સિક લેબમાં મોકલી આપ્યા હતા. યુવકના મૃત્યુનું ચોક્કસ કારણ રીપોર્ટ આવ્યા બાદ જાણી શકાશે.

# જાહેરમાં કચરો બાળવાની ટેવ આંખોની જ નહીં જીવની બળતરાં પણ વધારશે!!

## આપણી આસપાસ ઠેકઠેકાણે જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિ લગભગ દરરોજ જોવા મળતી હોય છે : કાયદામાં પણ આ પ્રવૃત્તિ માટે દંડની જોગવાઈ છે પરંતુ પર્યાવરણ જ નહીં માનવજીવનને પણ અસર કરતી આ પ્રવૃત્તિ પ્રત્યે કડક કાયદાપાલનમાં ઉદાસીનતા




ગાંધીનગર, તા.૨૦
આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસે લગભગ સૌ કોઈના સોશિયલ મિડીયા સ્ટેટસમાં ‘હરિયાળી’ છવાયેલી જોવા મળી જે અગાઉ કયારેય આટલી મોટી માત્રામાં નહોતી જોવા મળી, અને આ એક આવકારદાયક બાબત પણ છે. નવી પેઢીને ભલે કોઈ સોશિયલ મિડીયાના સ્ટેટસ અપડેટ માટે દેખાડા-દંભ વગેરેના ટોણાં મારતું હોય પરંતુ તેઓ ભલે દેખાડા માટે કરે છતાં આવા દિવસો યાદ રાખીને ઉપયોગી કાર્યો કરે તો છે ને? બીજી તરફ આપણે શું કરીએ છીએ? સૌને ખબર છે કે જેમ પર્યાવરણના સંવર્ધન માટે વૃક્ષો વાવવા જરૂરી છે તેમજ પર્યાવરણમાં પ્રાણવાયુના જતન માટે જાહેરમાં કચરો બાળવો ખૂબ જ હાનિકારક છે, બલ્કે દંડનીય અપરાધ પણ છે, છતાં દરરોજ આપણી આસપાસ કયાંકને કયાંક જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ સર્જાતી જ હોય છે અને આપણે તેને બિચારા સફાઈ કામદારોની મજબુરી સમજીને આંખ આડા કાન કરી લેવાની ટેવ પણ પાડી દીધી છે, પરંતુ આ ટેવ જ આપણી બળતરામાં વધારો કરનારી નીવડી શકે છે.

ગાંધીનગરથી જ વાત શરૂ કરીએ તો અહીંનું રાયસણ ગામ એટલે રાજયનું સૌથી પહેલું ગોકુળીયું ગામ જેની ચારે તરફ માત્ર નિર્ભેળ પ્રકૃતિ જ છવાયેલી હતી. હવે આ ગામ કોંક્રીટનું જંગલ બની ચુકયું છે અને અહીં તાજેતરમાં જ બાંધકામના કાટમાળ, થર્મોકોલ, પ્લાસ્ટિક, વૃક્ષોના ખરી પડેલા સૂકા પાંદડા વગેરેને જાહેરમાં બાળવાની ઘટનાઓ બેરોકટોક રીતે ચાલતી જોવા મળી હતી એટલે સુધી કે અનેક સોસાયટીઓની બહાર કાળો રંગ જેને આપણે અશુભ માનીએ છીએ તેવા કાળા રંગના સાથીયા અચૂક જોવા મળતા હતા એટલે કે કચરો બાળવાના નિશાન જોવા મળતા હતા અને તેનો ભોગ હાઈરાઈઝ ફલેટસમાં રહેતા નાગરિકો બને છે કેમકે અંતે તો તેમની સાસાયટી નજીક બાળવામાં આવેલો કચરો ઘાતક વાયુઓનો ધુમાડો બનીને તેમના ઘરમાં જ ઠલવાયને. રાયસણ તો એક ઉદાહરણ છે પરંતુ પ્રકૃતિપ્રેમી કહેવાતા ગાંધીનગર જ નહીં આપણા લગભગ દરેક શહેરમાં આવી ઘટનાઓ સામાન્ય બની જવા પામી છે.





આપણા જીવન માટે પ્રાણવાયુ એટલે કે ઓકિસજન કેટલો મહત્વનો છે અને તેના વગર કેવા ફાંફા પડે છે તે આપણે કોરોના મહામારીની બીજી લહેરમાં સુપેરે અનુભવી ચુકયા છીએ. કોઈ પણ વસ્તુના દહન માટે ઓકિસજનની હાજરીની જરૂર પડે છે અને કોઈ પણ વસ્તુને બાળવાથી કાર્બન ડાયોકસાઈડ કે કોઈવાર અપૂરતા દહનથી મોનોકસાઈ પણ ઉત્પન્ન થાય છે જે વધુ ઘાતક છે, વળી, જો તેમાં પ્લાસ્ટિક હોય તો નાઈટ્રસ ઓકસાઈડ, ઓકસાઈડ ઓફ કાર્બન, ઓકસાઈડ ઓફ સલ્ફર જેવા ગ્લોબલ વોર્મિંગ વાયુઓ પેદા થાય છે અને વાતાવરણમાંથી ઓકિસજન ઓછો થાય છે સાથે સાથે કાર્બન ડાયોકસાઈડ સહિતના ઘાતક વાયુઓ ઉત્પન્ન થાય છે. આ વાયુઓ શ્વસન માટે તો નકામા અને હાનિકારક છે પરંતુ તે ભારે વાયુઓ હોવાથી નીચે જ રહી ગુંગળામણ, ગભરામણ, માથાનો દુઃખાવો, ચકકર, ઉંઘ, ઉબકા, આંખમાં લાલાશ, ઈન્ફેકશન વગેરે સહિત અનેક લાંબા ગાળાની સમસ્યાઓ પણ સર્જી શકે છે. આસપાસ રમતાં નાના બાળકો હોય તો તેમને ઘણીવાર ગુંગળામણનું ભાન રહેતું નથી અને વયસ્કો જેમના ફેફસાં એ કામ ઓછું કરી દધું હોય તેમના માટે ઘાતક બની શકે છે. શ્વાસ અને હૃદય રોગીઓ જ નહીં પરંતુ હવે કોવિડના દર્દીઓ માટે આ સ્થિતિ કેટલી કપરી બની શકે તેનો કચરો બાળનારને અંદાજો હોય છે ખરો?

આપણે ત્યાં જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિને અટકાવવા કેન્દ્રના અને રાજયના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડસ તથા હવે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) દ્વારા આકરા કાયદા બનાવવામાં આવ્યા છે જેમાં રૂપિયા પાંચ હજારથી લઈને રૂપિયા ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ છે. જો કે આપણે ત્યાં કાયદા તો બની જાય છે પણ તેનું પાલન કેટલી ગંભીરતાથી થાય છે તેની સૌને ખબર છે. કડક કાયદા હોવા છતાં જાહેરમાં પ્લાસ્ટિક, થર્મોકોલ, પાંદડા, ચામડું, ઘાસ, ખાદ્યપદાર્થો સહિત અનેક પ્રકારના કચરાને બેધડક બાળવામાં આવે છે અને જો કોઈ જાગૃત નાગરિક કે કાયદાનો જાણકાર કે પ્રકૃતિ પ્રેમી આ પ્રવૃત્તિને રોકવા પ્રયાસ કરે તો પડોશમાં જ દુશ્મની વ્હોરી લેતો હોય છે કેમ કે આવી પ્રવૃત્તિ દરેકના આસપાસમાં જ થતી હોય છે કેટલાક કિસ્સામાં તો સ્વચ્છતા અભિયાન ચલાવીને પોતાને પર્યાવરણના રક્ષક માની બેઠેલાં જ આવી પ્રવૃત્તિ કરતા જોવા મળે છે. જેઓ ગંદકી દૂર કરીને મોટો ઉપકાર કર્યાનો ફાંકો લઈને ફરતા હોય છે. દિલ્હી-હરિયાણા સહિત દેશના દરેક ભાગમાં ખેતરમાં પરાળી કે અન્ય વેસ્ટ બાળવાની પ્રવૃત્તિ જોવા મળે જ છે. અને કદાચ આ બાબતની ગંભીરતાને કારણે જ દંડની રકમ પણ પાંચ ગણી વધારવામાં આવી છે પરંતુ જયાં સુધી આપણી સમજમાં તેના નુકસાનની ગંભીરતા નહીં આવે ત્યાં સુધી આપણી આંખોની જ નહીં જીવની બળતરાં પણ આમ જ યથાવત રહેશે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



નટુભાઈ કાળીદાસ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



પંકજ બી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



વૈભવી જિજ્ઞેશગિરિ ગોસ્વામી



યજ્ઞકુમાર મનોજકુમાર જોષી



રીટાબા સોલંકી



પ્રજાપતિ સ્પર્શ ઉમંગભાઈ



સુમિત્રાબહેન હરેશકુમાર પાલવીયા
મો. ૯૯૦૪૫ ૮૨૪૩૫

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શાહ રમીલાબેન દશરથભાઈ, ઉ.વ. ૭૧, પેથાપુર
- સ્વ. જોશી નવનીતલાલ મફતલાલ, ઉ.વ. ૭૩, સે-૧૪
- સ્વ. રાવલ સોનલબેન રાજેન્દ્રકુમાર, ઉ.વ. ૫૩, સે-૨૬
- સ્વ. દંતાણી વિજયભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૨૫, કલોલ
- સ્વ. ઠાકોર સુર્યાબેન કમલેશજી, ઉ.વ. ૩૩, સભાસપુર, કલોલ
- સ્વ. પટેલ કુસુમબેન બેચરભાઈ, ઉ.વ. ૭૦, પ્રાંતિયા
- સ્વ. જયસ્વાલ સીતાબેન છગનલાલ, ઉ.વ. ૭૪, સે-૨૪

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ નરેનકુમાર હેતલકુમાર, ઉ.વ. ૨૭, સે-૩
- સ્વ. પટેલ મણીબેન ધુળજીભાઈ, ઉ.વ. ૯૮, કુડાસણ